| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦-૦૯-૨૦૨૩ |
| રજિસ્ટરે લીધા તારીખ | ૨૦-૦૯-૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૧૮-૦૪-૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૨ ૦૬ ૨૮ |

## મે. બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની (કોર્ટ નં.૧૭), સમક્ષ અમદાવાદ શહેર.

ક્રિમિનલ કેસ નં. : ૯૯૫૬૯/૨૦૨૩

આંક-

| | |
|---|---|
| ફરિયાદી | સરકારશ્રી |

વિરૂધ્ધ

| | |
|---|---|
| આરોપી | મિનલબેન વા/ઓ બિરજુભાઇ પ્રભાતભાઇ માછરેકર, ઉ.વ.૩૬,<br>રહે.- અરૂણની ચાલી, સોનુની ચાલીની બાજુમાં, પપ્પુ ચેનલવાળી ગલી, છારાનગર, બંગલા એરીયા રોડ, કુબેરનગર, અમદાવાદ શહેર. |

| | |
|---|---|
| ગુનો:- | ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(બી), ૬૫(બી)(સી)(એફ) મુજબ. |

| | |
|---|---|
| ફરીયાદપક્ષે | વિ.એ.પી.પી.શ્રી એમ.આર.બારોટ |
| બચાવપક્ષે | આરોપી તરફે વિ.વકીલશ્રી જી.એસ. ગારંગે |

-: ચુ કા દો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે કોલમ નં.૧

માં જણાવેલ આરોપીબેને તા.૨૧/૦૨/૨૦૨૩ ના કલાક-૦૧:૪૦ વાગે પોતાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટે ૧૨૫૦ લીટર દેશી દારૂ ગાળવાનો વોશ જેની કિં.રૂા.૨૫૦૦/- તથા દેશી દારૂ ૨૦૦ લીટર કિં.રૂા.૪૦૦૦/- તથા એક પતરાના પીપની કિં.રૂા.૧૦૦/- તથા એલ્યુમીનીયમના તગારૂ નંગ-૧ ની કિં.રૂા.૧૦૦/- તથા લોખંડના સગડો એકની કિં.રૂા.૨૦૦/- તથા ગેસનો બાટલો નંગ-૧ ની કિં.રૂા.૫૦૦/- તથા ૪૦ કિલો ગોળ કિં.રૂા.૪૦૦/- તથા ૨૫ મીઠાની થેલી કિં.રૂા.૨૫૦/- ગણી કુલે રૂા.૮૦૫૦/- ના મતાનો મુદ્દામાલ રાખી નહીં મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુનો કરી ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(બી), ૬૫(બી)(સી)(એફ) મુજબનો કહેવાતો ઉપરોક્ત ગુનો કર્યો હતો. જે અંગેની તપાસને અંતે તહોમતદાર વિરૂદ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ દાખલ થતા તહોમતદાર કોર્ટમાં હાજર થતા તેમને કેસના કાગળોની નકલો અપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીને ગુનાની વિગત વાંચી સંભળાવી સમજાવી આંક-૩ થી પ્લી લેતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતા ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક-૫ થી રેડીંગ/રીકવરી પંચનામાંના પંચ સાહેદ જગદીશ જ્ઞાનચંદ ગોસ્વામીને તથા બીજા પંચ સાહેદ મદનલાલ પોખરાજ પવારને આંક-૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને આંક-૬ થી રેડીંગ/રીકવરી પંચનામાંની નકલ રજુ થયેલ છે. ત્યારબાદ આ કામે આંક-૮ થી ફરીયાદી ભરતભાઇ હરચંદભાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને આંક-૯ થી ફરીયાદની નકલ રજુ થયેલ છે. ત્યારબાદ આ કામે આંક-૧૦ થી ત.ક. અધિકારીશ્રી ભાનુભાઇ કેહરાજી ચૌધરીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ સાહેદોને તપાસવામાં આવેલા નથી. ત્યારબાદ તહોમતદારનું ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદનો નોંધવામાં આવેલ છે જેમાં તેઓની વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં

આવેલ છે.

(૪) આમ, આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવા તેમજ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતા હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

-: મુ દ્દા ઓ :-

: ૧ : શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે કોલમ નં.૧ માં જણાવેલ આરોપીબેને તા.૨૧/૦૨/૨૦૨૩ ના કલાક-૦૧:૪૦ વાગે પોતાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટે ૧૨૫૦ લીટર દેશી દારૂ ગાળવાનો વોશ જેની કિં.રૂા.૨૫૦૦/- તથા દેશી દારૂ ૨૦૦ લીટર કિં.રૂા.૪૦૦૦/- તથા એક પતરાના પીપની કિં.રૂા.૧૦૦/- તથા એલ્યુમીનીયમના તગારૂ નંગ-૧ ની કિં.રૂા.૧૦૦/- તથા લોખંડના સગડો એકની કિં.રૂા.૨૦૦/- તથા ગેસનો બાટલો નંગ-૧ ની કિં.રૂા.૫૦૦/- તથા ૪૦ કિલો ગોળ કિં.રૂા.૪૦૦/- તથા ૨૫ મીઠાની થેલી કિં.રૂા.૨૫૦/- ગણી કુલે રૂા.૮૦૫૦/- ના મતાનો મુદ્દામાલ રાખી નહીં મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુનો કરી ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(બી), ૬૫(બી)(સી)(એફ) મુજબનો શિક્ષાત્મક ગુનો કરેલ છે?

: ૨ : શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના મત મુજબ નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

: ૧ : નકારાત્મક.

: ૨ : આખરી હુકમ મુજબ.

(૬) ઉપરોકત નિર્ણયોના અત્રેની અદાલતના મત મુજબ વિગતવારના કારણો નીચે મુજબ છે.

-: કા ર ણો :-

મુદ્દા નં.૧ :-

(૭) આરોપી વિરૂદ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓની છણાવટ કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ તરફે રેડીંગ/રીકવરી પંચનામાંના પંચ સાહેદ નામે જગદીશ જ્ઞાનચંદ ગોસ્વામીને આંક આંક-૫ થી તથા બીજા પંચ સાહેદ મદનલાલ પોખરાજ પવારને આંક-૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે પરંતુ આ બંને પંચ સાહેદોએ પંચનામાંની હકીકતોથી વિરૂધ્ધની જુબાની આપી પોલીસે તેઓની હાજરીમાં કોઇ ઇસમ પાસેથી દારૂ તેમજ દારૂ ગાળવાના વોશનો જથ્થો કબ્જે કરેલ હોય અને પોલીસે તેઓની હાજરીમાં કોઇ પંચનામું કરેલ હોય તેવું બનેલ નથી તેવી હકીકત જણાવેલ છે. સદર બંને પંચ સાહેદોને આ કામે રજુ થયેલ આંક-૬ વાળી પંચનામાંની નકલ બતાવવામાં આવતા તેમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. સદર પંચનામાંના બંને પંચ સાહેદો પંચનામાંની હકીકતોથી વિરૂધ્ધની જુબાની આપતા વિ. સરકારી વકીલશ્રીએ આ પંચ સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૫૪ સાથે વાંચતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ્-૧૬૨ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી અત્રેની અદાલત પાસે માંગેલ હતી, જે માંગણી ગ્રાહય રખાતા વિ.સરકારી વકીલશ્રીએ આ બંને પંચ સાહેદોને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૪૫ અન્વયે ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ હતા પરંતુ તેમ છતાં આ બંને પંચ સાહેદોની જુબાની થકી પંચનામાંને લગતી કોઇ હકીકત અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ નથી. તેવા સંજોગોમાં બંને પંચ સાહેદોની

જુબાની થકી રેડીંગ/રીકવરી પંચનામું અત્રેની અદાલતના રેકર્ડ ઉપર પુરવાર થઇ શકેલ નથી તેમ કહી શકાય.

(૮) વધુમાં આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આ કામે આંક-૮ થી ફરીયાદી ભરતભાઇ હરચદભાઇને સોગંદ ઉપર તપાસેલા છે જેઓનો પુરાવો ધ્યાને લઇએ તો, ગઇ તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ પો.સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. ત્યારે પી.આઇ.શ્રી પી.વી.ગોહીલ સાહેબ, પી.એસ.આઇ.શ્રી એસ.બી.ચૌધરી સાહેબ નાઓએ જાણ કરેલ કે અરુણાની ચાલી સેનુંની ચાલીની બાજુમાં મીનલબેન બીરજુભાઇ માછરેકર નાઓના ઘરમાં દેશીદારૂની ભઠ્ઠી ચાલું છે, જે બાતમી આધારે સાથે પો.કો. અમરતભાઇ ઉમાજી, જયરાજસિંહ નરેન્દ્રસિંહ, જિગ્નેશભાઇ મહેન્દ્રભાઇ, વુ.પો.કો. મમતાબેન શંભુજી સાથે રેડમાં ગયેલા, ત્યાં જઇ જોતા મકાનનો દરવાજો ખુલ્લી હાલતમાં મળેલ જેથી, મકાનમાં પ્રવેશ જોતાં, મકાનના પાછળના ભાગે દેશીદારૂ ગાળવાની ભઠ્ઠી ચાલું હાલતમાં હોય, સાથેના પી.એસ.આઇ.શ્રીએ બે પંચોના માણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી પંચમાં રહેતા સમજ કરેલી. વધુમાં પુરાવો છે કે, ત્યારબાદ દેખેલ તો દેશીદારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ હતી, જેમાં એક લોખંડનો સગડો ઉપર એક લોખંડનું પીપ મુકેલ હતુ અને તેના ઉપર એક તગારુ મુકેલ હતુ અને નળી વાટે કાચની બોટલમાં દેશીદારૂ પડતો હતો. આવા કુલ છ પીપમાં પીળા કલરનું પ્રવાહી ભરેલ હતું અને બાજુમાં દસ પ્લાસ્ટીકના કાળા કેરબા પ્રવાહી ભરેલ મળી આવેલ. ત્યારબાદ ગેસનો સગડો બંધ કરી તમામ સાધનો ઉતારી લઇ તે પ્રકારના પીપમાં દેખેલ તો, વોશ હતો જે ગરમ હતો. જેમાંથી સુંધી સુંઘાડી જોતા દેશીદારૂની તીવ્ર વાસ આવતી હતી અને દેશી દારૂના દસ કેરબામાં કુલ ૨૦૦ લીટર દારૂ મળી આવેલો જેમાંથી ૧૮૦ મી.લી. દેશીદારૂ સેમ્પલ બાટલીમાં ભરી કાયદેસર કાર્યવાહી કરી સીલ કરી કબ્જે લીધેલો તથા મળી આવેલ વોશનો સ્થળ પર નાશ કરેલો અને અન્ય સાધનો કબ્જે લીધેલા. ત્યારબાદ તેઓએ આરોપી વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદ આપેલ જે ફરીયાદ તેઓને બતાવવામાં આવતા તેમાં તેઓ તેમની સહી ઓળખી બતાવે છે જે આ કામે આંક-૯ થી રજુ થયેલ છે.

-- બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ગુનાના કામે પ્રાથમિક પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે, જે મકાનમાંથી મુદ્દામાલ મળી આવેલ તેની માલિકીનો આધાર અમોએ રજુ કરેલ નથી.

(૯) ત્યારબાદ આ કામે આંક-૧૦ થી ત.ક. અધિકારીશ્રી ભાનુભાઇ કેહરાજી ચૌધરીને ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસેલા છે જેઓનો પુરાવો ધ્યાને લેતા, ગઇ તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ પો.સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. ત્યારે પી.આઇ.શ્રી પી.વી.ગોહીલ સાહેબ નાઓએ જાણ કરેલ કે, અરુણાની ચાલી સેનુંની ચાલીની બાજુમાં મીનલબેન બીરજુભાઇ માછરેકર નાઓના ઘરમાં દેશીદારૂની ભઠ્ઠી ચાલું છે, જે બાતમી આધારે સાથે પો.કો. અમરતભાઇ ઉમાજી, જયરાજસિંહ નરેન્દ્રસિંહ, જિગ્નેશભાઇ મહેન્દ્રભાઇ, વુ.પો.કો. મમતાબેન શંભુજી સાથે રેડમાં ગયેલા, ત્યાં જઇ જોતા મકાનનો દરવાજો ખુલ્લી હાલતમાં મળેલ જેથી, મકાનમાં પ્રવેશ જોતાં, મકાનના પાછળના ભાગે દેશીદારૂ ગાળવાની ભઠ્ઠી ચાલું હાલતમાં હોય, સાથેના તેઓએ બે પંચોના માણસો બોલાવી પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી પંચમાં રહેતા સમજ કરેલી. તેઓનો વધુમાં પુરાવો છે કે, ત્યારબાદ દેખેલ તો દેશીદારૂ ગાળવાની ભઠ્ઠી ચાલુ હતી, જેમાં એક લોખંડનો સગડો ઉપર એક લોખંડનું પીપ મુકેલ હતુ અને તેના ઉપર એક તગારુ મુકેલ હતુ અને નળી વાટે કાચની બોટલમાં દેશીદારૂ પડતો હતો. આવા કુલ છ પીપમાં પીળા કલરનું પ્રવાહી ભરેલ હતું અને બાજુમાં દસ પ્લાસ્ટીકના કાળા કેરબા પ્રવાહી ભરેલ મળી આવેલ. ત્યારબાદ ગેસનો સગડો બંધ કરી તમામ સાધનો ઉતારી લઇ તે પ્રકારના પીપમાં દેખેલ તો, વોશ હતો જે ગરમ હતો. જેમાંથી સુંધી સુંઘાડી જોતા દેશીદારૂની તીવ્ર વાસ આવતી હતી અને દેશી દારૂના દસ કેરબામાં કુલ ૨૦૦ લીટર દારૂ મળી આવેલો જેમાંથી ૧૮૦ મી.લી. દેશીદારૂ સેમ્પલ બાટલીમાં ભરી કાયદેસર કાર્યવાહી કરી સીલ કરી કબ્જે લીધેલો તથા મળી આવેલ વોશનો સ્થળ પર નાશ કરેલો અને અન્ય સાધનો કબ્જે લીધેલા. તેઓનો વધુમાં પુરાવો છે કે, ગુનાની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું,

આરોપીને જોયેથી તેઓ ઓળખે છે, જે આજરોજ કોર્ટમાં હાજર છે. સદર ગુનાના કામે સેમ્પલ પૃથ્થકરણ કરાવવા સારૂ એફ.એસ.એલ. કચેરીને મોકલવા આવેલ હતો પરંતુ તેનો રીપોર્ટ આજદિન સુધી આવેલ નથી.

-- બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, ગુનાના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલા નથી. એ વાત ખરી છે કે, ગુનામાં સંડોવાયેલ મકાનની માલિકીના આધાર અમોએ કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ-સરનામાં દર્શાવેલા નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ પુરાવા ધ્યાને લેતા રીકવરી/રેડીંગ પંચનામાંના પંચોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. એટલુ જ નહીં પરંતુ ફરીયાદીની ફરીયાદ અને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને વિપરીત અસર કરે તેવો વિરોધાભાસ અત્રેની અદાલતના રેકર્ડ ઉપર આવેલ છે તેમ કહી શકાય. વધુમાં ફરીયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લેતા દેશી દારૂ તેમજ દારૂ ગાળવાનો વોશનો જથ્થો જે જગ્યાએથી પકડવામાં આવેલ છે તે જગ્યાએથી હાલના આરોપી હાજર મળી આવેલ નહીં હોવાનું સ્પષ્ટ થયેલ છે. એટલુ જ નહીં પરંતુ જે જગ્યાએથી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે તે જગ્યાની માલિકી આ કામના આરોપીની છે તે બતાવતો કોઇ દસ્તાવેજી આધાર આ કામે રજુ થયેલ નથી અને આ કામે ફરીયાદી તેમજ ત.ક. અમલદારશ્રીએ પણ બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે જગ્યાએથી મુદ્દામાલ કબ્જે લીધેલ તે જગ્યાની માલિકીનો કોઇ આધાર તેઓએ કબ્જે લીધેલ નથી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરવામાં આવેલ છે કે, જે જગ્યાએથી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ તે જગ્યાની આજુબાજુ સ્વતંત્ર અને તટસ્થ સાહેદો ઉપલબ્ધ હોવા છતાં તેઓના નિવેદનો નોંધવામાં આવેલા નથી. આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતા જયારે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય તેવા સંજોગોમાં માત્રને માત્ર ફરીયાદી તેમજ ત.ક. અમલદાર કે જેઓ પોલીસ સાહેદો છે

તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળવા અત્રેની અદાલતને સલામતીભર્યુ જણાતુ નથી. વધુમાં રેકર્ડ ધ્યાને લેતા જે મકાનમાંથી દેશી દારૂ કબ્જે લીધેલાનું જણાવવામાં આવેલ છે તે મકાનની માલિકીના કોઇ દસ્તાવેજ કબ્જે કરી આ કામે રજુ થયેલ હોય તેવુ જણાઇ આવતુ નથી અને આમ, સદર મકાન આ કામના આરોપીની માલિકીનું હતુ તેવું સ્પષ્ટ થતુ નથી. એટલુ જ નહી પરંતુ જે મકાનમાંથી દેશી દારૂ તેમજ દારૂ ગાળવાનો વોશ કબ્જે લેવામાં આવેલ તે વખતે આ કામના આરોપી હાજર મળી આવેલ નથી. અને આમ, સદર દારૂનો જથ્થો આ કામના અરોપીનો જ હતો તેવું ફરીયાદપક્ષ સાબીત કરવામાં સદ્તંર નિષ્ફળ નીવડેલ છે. જેથી ફરીયાદપક્ષ તરફે રજુ સમગ્ર પુરાવાઓની છણાવટ કરતા આ કામના આ કામે કોલમ નં.૧ માં જણાવેલ આરોપીબેને તા.૨૧/૦૨/૨૦૨૩ ના કલાક-૦૧:૪૦ વાગે પોતાના રહેણાંક મકાનમાં વગર પાસ પરમીટે ૧૨૫૦ લીટર દેશી દારૂ ગાળવાનો વોશ જેની કિં.રૂા.૨૫૦૦/- તથા દેશી દારૂ ૨૦૦ લીટર કિં.રૂા.૪૦૦૦/- તથા એક પતરાના પીપની કિં.રૂા.૧૦૦/- તથા એલ્યુમીનીયમના તગારૂ નંગ-૧ ની કિં.રૂા.૧૦૦/- તથા લોખંડના સગડો એકની કિં.રૂા.૨૦૦/- તથા ગેસનો બાટલો નંગ-૧ ની કિં.રૂા.૫૦૦/- તથા ૪૦ કિલો ગોળ કિં.રૂા.૪૦૦/- તથા ૨૫ મીઠાની થેલી કિં.રૂા.૨૫૦/- ગણી કુલે રૂા.૮૦૫૦/- ના મતાનો મુદ્દામાલ રાખી નહીં મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુનો કરી ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(બી), ૬૫(બી)(સી)(એફ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ હોય તેવી હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદ્તંર નિષ્ફળ નીવડેલાનું અત્રેની અદાલત માને છે અને તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ મુદ્દા નં.૧ તેમની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-: આખરી હુકમ :-

(૧) આ કામના આરોપી મિનલબેન વા/ઓ બિરજુભાઇ પ્રભાતભાઇ માછરેકર, રહે. અરૂણાની ચાલી, પપ્પુ ચેનલવાળી ગલી, છારાનગર, બંગલા એરીયા રોડ, સરદારનગર, અમદાવાદ શહેર નાઓને ક્રિ.પો. કોડની કલમ-૨૫૫(૧) અન્વયે તેમની સામેના ધી પ્રોહીબીશન એકટની કલમ-૬૬(બી), ૬૫(બી)(સી)(એફ) મુજબના

ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદ્દામાલનો જો અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ સમય વિત્યા બાદ કાયમ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલના માલિકની ખરાઇ કરી તેઓને અપીલ સમય વિત્યા બાદ કાયમી પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે. જયારે નોન-વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ કાયમી નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના જામીનખત આથી રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આથી, હાલના કામના આરોપી નાએ અપીલ સમયગાળા દરમિયાન માટે ક્રિ.પ્રો. કોડની કલમ-૪૩૭(એ) ની જોગવાઇ અનુસાર રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપવા.

હુકમ આજ તા.૧૮ મી માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ. (દિપક જેઠાભાઇ પરમાર)
તા.૧૮/૦૪/૨૦૨૬ બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ
કોર્ટ નં.૧૭, અમદાવાદ શહેર.
**(GJ00879)**

KGHOTWANI23/8-9/73